




કિરણ ઢોડિયા

# કામરેજ પંથકમાં અઢી ઈંચ વરસાદ

**બારડોલી** પાણી પાણી, શામરિયા મોરા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં રોડ પર પાણી ફરી વળ્યા

### માંગરોળમાં 1 ઇંચ પાણી પડ્યું


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળમાં 30 મીમી, ઉમરપાડા તાલુકામાં 10 મીમી સહિત આસપાસના વિસ્તારોમાં સારો વરસાદ પડ્યો છે. વાંકલમાં છેલ્લા એક અઠવાડિયાથી તાપમાનનો પારો ઊંચો રહેતાં લોકો અસહ્ય ગરમી અને ભેજવાળા વાતાવરણથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. પરંતુ મોડી રાતથી શરૂ થયેલા વરસાદે સમગ્ર જિલ્લાનું વાતાવરણ આહલાદક બનાવી દીધું છે.

### ડોલવણ અને વાલોડમાં 1-1 ઇંચ વરસાદ

વ્યારા: તાપી જિલ્લામાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં સવારથી જ વ્યારા, વાલોડ, ડોલવણ, ઉચ્છલ સહિત અનેક વિસ્તારોમાં સવારથી છૂટોછવાયો રીમઝીમ વરસાદ પડ્યો હતો. જિલ્લામાં ડોલવણ અને વાલોડ તાલુકામાં 1-1 ઇંચ, જ્યારે વ્યારા અને છેવાડાના કુકરમુંડા બંને તાલુકામાં 0.8 વરસાદ નોંધાયો હતો.

બારડોલી, કામરેજ: બારડોલીમાં આજથી વિધિવત ચોમાસાની શરૂઆત થઈ હોય તેમ મળસકેથી જ વરસાદી માહોલ સર્જાયો હતો. મળસકે 4 વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધીમાં બારડોલી તાલુકામાં સત્તાવાર રીતે 47 મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો. અંદાજિત 2 ઇંચ જેટલો વરસાદ થતાં ખેડૂતોએ થોડા અંશે રાહત અનુભવી છે. ખાસ કરીને ડાંગર સહિતના પાકોની વાવણી માટે ખેડૂતો વરસાદ પર નિર્ભર રહેતા હોય છે.

બીજી તરફ બારડોલીમાં વિધિવત વરસાદ શરૂ થતાંની સાથે જ સમસ્યાઓ પણ સપાટી પર આવી ગઈ હતી. શામરિયા મોરા વિસ્તારમાં આશાપુરા મંદિર પાસેના પુલની બંને એપ્રોચ પર પુરાણ કરાવ્યુ હોવા છતાં નજીવા વરસાદમાં પાણી ભરાઈ જતાં રસ્તો બંધ થઈ ગયો હતો. કેટલાક વાહન ચાલકો જીવના જોખમે કમરસમા પાણીમાં જતાં જોવા મળ્યા હતા. નગરપાલિકાની નબળી અને આયોજન વગરની કામગીરીને કારણે દર વર્ષે વિસ્તારના લોકોને ભોગવવું પડી રહ્યું છે.

બારડોલીના સ્ટેશન રોડ પર જીયુડીસી દ્વારા પાણીની પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલા રોડમાં ડામર કામ થયું ન હોય વરસાદ પડતાં સમગ્ર રોડની એક લેન પર કાદવ-કીચડ થઈ ગયો હતો. જેને કારણે લોકોને તેમજ વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. એ જ રીતે ગાંધી રોડ પર આવેલા આશિયાના વિસ્તારમાં પણ આવી પરિસ્થિતિ હોવાનું સામે આવ્યું છે. પાલિકાની પ્રિમોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી ગઈ હોવાનું લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું.

કામરેજ તાલુકામાં મોડી રાત્રિના પવન સાથે વરસાદ વરસવાનો શરૂ થતાં ધરતીપુત્રોમાં આનંદ છવાઈ ગયો હતો. બાદ મંગળવારે સવારે પણ વરસાર વરસ્યો હતો, જેમાં સવારે 6થી 8 કલાક દરમિયાન 16 મીમી, સવારે 8થી 10 સુધીમાં 20 મીમી અને સવારે 10થી 12 સુધીમાં 24 મીમી વરસાદ તાલુકામાં વરસતાં અઢી ઈંચ પડ્યો હતો.

# કીમ ચાર રસ્તા જળબંબાકાર


ઈબ્રાહીમ કાનુ

**પીડબ્લ્યૂડીની** નિષ્કાળજી સામે આવી




હથોડા: લાંબી રાહ જોવડાવ્યા બાદ મંગળવારે વહેલી સવારે પડેલા પ્રથમ વરસાદે લોકોને ગરમીમાંથી રાહત તો આપી, પરંતુ કીમ ચાર રસ્તા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જી દીધી હતી.

PWDની ગટરોની સાફસફાઈના અભાવે મુખ્ય વ્યાપારિક કેન્દ્રો જેવાં કે ફિરદોશ શોપિંગ સેન્ટર, પેટ્રોલ પંપ અને જે.બી. રો હાઉસ સહિતની રહેણાક સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. સવારે દુકાનો ખૂલે તે પહેલાં જ પાણી ભરાઈ જતાં સમગ્ર વિસ્તારમાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. સમગ્ર જૂન મહિનો કોરો ગયો હોવા છતાં જવાબદાર અધિકારીઓએ ચોક-અપ થયેલી ગટરો કેમ સાફ ન કરી, તેને લઈને સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સમયે વિકાસની મોટી વાતો કરતા નેતાઓ PWD પાસે ગટરોની સફાઈ પણ કરાવી શકતા નથી, જેનું પરિણામ જનતાએ ભોગવવું પડે છે.

આ કપરી પરિસ્થિતિની જાણ થતાં જ પાલોદના સરપંચ કાંતિલાલ કાળીદાસ આહીરે તાત્કાલિક જેસીબી મશીન અને માણસો કામે લગાડીને પાણીના નિકાલની કામગીરી હાથ ધરી હતી, જેથી લોકોને થોડી રાહત મળી હતી.


હિતેશ પટેલ

# વરસાદથી વાવ્યા ખાડી ઓવરફ્લો થતાં મુંજલાવ-બોધાન માર્ગ બંધ

**વાહન** ચાલકોને નોગામા થઈને જવા તંત્રની અપીલ

માંડવી: માંડવી પંથકમાં અવિરત પડી રહેલા ભારે વરસાદને કારણે નદી-નાળાં અને ખાડીઓ છલકાઈ છે. ઉપરવાસના પાણીના ભારે પ્રવાહને લીધે મુંજલાવથી બોધાન જતા મુખ્ય માર્ગ પર આવેલી વાવ્યા ખાડી ઓવરફ્લો થઈ ગઈ છે અને પુલ પાણીમાં ગરકાવ થયો છે. કોઈ મોટી હોનારત ન સર્જાય એ માટે વહીવટી તંત્ર દ્વારા તકેદારીના પગલાંરૂપે આ માર્ગ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી, પુલની બંને બાજુ બેરિકેડ્સ ગોઠવી દેવાયાં છે. સ્થાનિક મુસાફરોની સગવડ માટે તંત્રએ તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા કરી છે. બોધાન તરફ જતાં વાહનોને હવે મુંજલાવથી નોગામા થઈને ડાયવર્ટ કરવામાં આવ્યાં છે. તંત્રએ લોકોને પાણી ન ઓસરે ત્યાં સુધી જોખમ ન ખેડવા અને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

# કુડસદમાં ઘૂંટણસમા પાણી કીમમાં મંદિરમાં પાણી ઘૂસ્યા

**કીમમાં** પહેલા જ વરસાદે તંત્રની પોલ ખોલી

કીમ: કીમ ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં પડેલા પ્રથમ વરસાદે જ વહીવટી તંત્રના પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી નાંખી છે. ગામની સાધના હોસ્પિટલમાં વરસાદી પાણી ભરાઈ જતાં દર્દીઓ અને તેમનાં સ્વજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઉપરાંત, નવજીવન, અમૃતનગર અને શિવાજીનગર સહિતની રહેણાક સોસાયટીઓમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. અંબાજી વિસ્તારમાં આવેલા અંબાજી માતાના મંદિરમાં વરસાદી અને ગટરના ગંદા પાણી ફરી વળતાં શિવલિંગ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું, જેને પગલે ભક્તોમાં ભારે નારાજગી વ્યાપી છે. બીજી તરફ કીમ-માંડવી રોડ પર આવેલા અંકુર શોપિંગ સેન્ટરની ગલીમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. અહીં ૧૦૦થી વધુ ઔદ્યોગિક એકમો આવેલાં હોવાથી હજારો કામદારોને કેમિકલયુક્ત દૂષિત પાણીમાંથી પસાર થવાની નોબત આવી હતી.

સ્થાનિકોના આક્ષેપ મુજબ તંત્રની કામગીરી માત્ર કાગળ પર જ સીમિત રહી છે. લોકોએ રોષે ભરાઈને વરસાદી પાણીના નિકાલ માટે કાયમી અને અસરકારક આયોજન કરવાની માંગ કરી છે.

# જર્જરિત બિલ્ડિંગ તોડવા પાલોદ ગ્રામ પંચાયતની આખરી નોટિસ

**બે દિવસમાં** અમલ નહીં કરાય તો પોલીસ બંદોબસ્ત હેઠળ સીલ કરવામાં આવશે


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પંચાયત વિસ્તારમાં વર્ષો જૂની અને અત્યંત જર્જરિત બિલ્ડિંગ્સ લાંબા સમયથી સમારકામના અભાવે 'જીવતો બોમ્બ' બની ગઈ છે. આ ઔદ્યોગિક વિસ્તારમાં હજારો પરપ્રાંતીય શ્રમજીવીઓ આશરો લઈ રહ્યા છે, જેમના જીવ હાલ જોખમમાં મુકાયા છે. પંચાયત દ્વારા અગાઉ વારંવાર નોટિસો આપવા છતાં મિલકત ધારકોએ મૌન ધારણ કરી કોઈ અમલ કર્યો ન હતો. જેથી કોઈ ગંભીર અકસ્માત કે અમંગળ ઘટના ન સર્જાય તે માટે પાલોદ પંચાયતે હવે કડક વલણ અપનાવ્યું છે. ગુજરાત પંચાયત ધારા હેઠળ મિલકત ધારકોને આખરી નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે જો આ જોખમી મિલકતો તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે, તો પંચાયત પોલીસ બંદોબસ્ત સાથે આવી દુકાનો કે મકાનોને સીલ મારવાની અથવા તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરશે. પાલોદના સરપંચ દિનેશભાઈ કાળીદાસ ભાઈ આહિરે જણાવ્યું હતું કે, ધનમોરા અને જે.બી. કોમ્પ્લેક્સની વર્ષો જૂની જોખમી ઈમારતોના માલિકોને વારંવાર નોટિસ આપવા છતાં પગલાં લેવાયાં નથી. આથી શ્રમજીવીઓના રક્ષણ માટે પંચાયતે ૨ જુલાઈથી પોલીસ બંદોબસ્ત હેઠળ આવી બિલ્ડિંગોને સીલ મારવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોને હાશકારો

ભરૂચ: ભરૂચ જિલ્લાના નવેય તાલુકાઓમાં સોમવારની સાંજથી મંગળવારની સાંજ સુધી સાર્વત્રિક ઝરમર વરસાદ વરસ્યો છે. ખાસ કરીને દરિયાઈ પટ્ટીવાળા હાંસોટ અને ભરૂચ તાલુકામાં 24 કલાકમાં સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. 24 કલાકમાં જંબુસરમાં 6 મીમી, આમોદમાં 12 મીમી, વાગરામાં 20 મીમી, ભરૂચમાં 29 મીમી, ઝઘડિયામાં 6 મીમી, હાંસોટમાં 30 મીમી, વાલિયામાં 6 મીમી અને નેત્રંગમાં 7 મીમી પાણી પડ્યું હતું.

# દેલાડ રોડ પર પહેલા વરસાદમાં જ ટ્રક ફસાઈ

સાયણ: ઓલપાડ તાલુકાનાં કેટલાંક ગામોમાં મંગળવારે ૩૫ એમ.એમ. વરસાદ પડ્યા બાદ મેહુલિયાએ ફરી રીસામણા લીધા હતા. જ્યારે ચાલુ સિઝનનો કુલ વરસાદ ૫૧ એમ.એમ. (બે ઈંચ) નોંધાયો છે. જો કે વરસાદના અમી છાંટાણાથી ડાંગરના ધરૂ સહિત શાકભાજીના પાકને આંશિક જીવતદાન મળતાં ખેડૂતોએ હાલ તો રાહતનો દમ લીધો છે. ઉપરાંત તાલુકાના દેલાડ ચાર રસ્તાથી સાયણ તથા સિવાણ રોડના મુખ્ય માર્ગ ઉપર છેલ્લા છ મહિનાથી રોડની બંને સાઈડ ગોકળગાય ગતિએ પાકી ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે. જ્યારે આ રાજ્ય ધોરી રોડ ઉપર માર્ગ અને મકાન વિભાગ તંત્રની બેદરકારી અને પ્રિ-મોન્સૂન કામગીરીના અભાવે મંગળવારે ચોમાસાના પહેલા અને નજીવા વરસાદી માહોલમાં જ સાયણ-ઓલપાડ રોડ પર આવેલ ડી.આર.જી.ડી. હાઈસ્કૂલ સામે એક ટ્રક ફસાઈ હતી. જો કે, ફસાયેલી આ ટ્રકને બહાર કાઢવા માલિકે બે જે.સી.બી. મશીનો બોલાવી ટ્રક બહાર કાઢી હતી. આ કામગીરી દરમિયાન રોડ ઉપર ટ્રાફિક જામ થઈ જતાં વાહન ચાલકો, સ્થાનિક લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# જાત ભરથાણામાં વીજ ટ્રાન્સમિશનના તાર તૂટ્યા


વિશાલ પટેલ

**વીજતાર** તૂટીને રોડ પર પથરાઈ ગયા

કામરેજ: પાવરગ્રીડ કોપોરેશનની 765 કેવી વીજ ટ્રાન્સમિશન લાઈનની હાલમાં કામગીરી સુરત જિલ્લામાં ચાલુ છે. ત્યારે જાત ભરથાણા ગામે ટ્રાન્સમિશન લાઈનના વીજતાર તૂટી જતાં રોડ પર પથરાઈ ગયા હતા. વટામણથી નવસારી જતી પાવરગ્રીડ કોર્પોરેશનની 765 કેવી વીજ ટ્રાન્સમિશન લાઈનના લઈને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

છતાં પણ વીજ લાઈન નાંખવાની કામગીરી સુરત જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે કામરેજ ના જાત ભરથાણા ગામની હદમાં પણ લાઈન નાંખવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. પરંતુ રાત્રિના ગામ નજીક વીજ લાઈનના તાર એક જગ્યાએ બાંધવામાં આવ્યા હતા અને બીજી બાજુ વીજ તારો ખેચવામાં આવતાં તારો તૂટી ગયા હતા. જે વીજ તારો ચાલુ વીજપ્રવાહ વાળી સિંગલ ફેઝ લાઈન પર મંગળવારે સવારે પડતાં ભારે અફરાતફરી જોવા મળી હતી. વીજ ટ્રાન્સમિશન લાઈનના વીજ તારો ઓરણાથી જોખા જતાં રોડ પર પડતાં સવારે સ્કૂલમાં બસમાં જતાં બાળકો તેમજ સ્થાનિક લોકો માટે જોખમી સાબિત થયા હતા. ગામના લોકો દ્વારા વીજ પુરવઠો બંધ કરાવવામાં આવ્યો હતો ત્યાં સુધી રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો. મોટી દુર્ઘટના ટળી હતી. વીજ તારો તૂટી જવાથી ખેડૂતોના ખેતરમાં શાકભાજી માટે બનાવેલા માંડવા પર પણ પડતા ભારે નુકસાન થયું છે. જેને લઈ ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અગાઉ પણ આવી ઘટના બની હતી. જેનું પણ ખેડૂતોને વળતર આપવામાં આવ્યું નથી એવું ખેડૂતોએ જણાવ્યું હતું.

### કેવડિયા-તણખલા રોડ તમામ વાહનો માટે બંધ

રાજપીપળા: નર્મદા જિલ્લાના કેવડિયા-તણખલા રોડ પર નવા પુલની કામગીરી અને ચોમાસામાં પાણી ભરાવાની શક્યતાને પગલે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા.૩૦/૯/૨૦૨૬ સુધી આ માર્ગ તમામ વાહનો માટે બંધ કરાયો છે. વાહનચાલકોની સુરક્ષા માટે વૈકલ્પિક રૂટ તરીકે તણખલા અને એકતાનગર વચ્ચે અવરજવર કરવા માટે ઝરિયા ત્રણ રસ્તા-ડેકાઇ-ખડગદા-ગરૂડેશ્વર ચોકડી માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રણબુડા ગામની પ્રાથમિક શાળામાં પાણી ભરાયું



સાગબારા: સાગબારાના રણબુડા ગામની ૧૨ વર્ષ જૂની પ્રાથમિક શાળાની ઈમારત ચોમાસાના પ્રથમ વરસાદમાં જ જર્જરિત થઈ ગઈ છે. વર્ગખંડોમાં પાણી ભરાઈ જતાં બાળકોને ઊભા રહીને ભણવાની ફરજ પડી રહી છે. તૂટેલાં પગથિયાં, મેદાનનો અભાવ અને નેટવર્કની સમસ્યાથી શિક્ષણ ખોરવાયું છે.

સ્થાનિક નાગરિક હરેશભાઈ વસાવા અને વાલીઓએ રોષે ભરાઈને જણાવ્યું કે, બાળકો ભણવાને બદલે વર્ગખંડમાંથી પાણી કાઢવા મજબૂર છે. ભણતર કરતાં અકસ્માતનો ભય વધુ છે. ગ્રામજનોએ કલેક્ટર અને શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક મરામત અને અદ્યતન, સુરક્ષિત શાળા ભવનની માંગ કરી છે. તંત્રની કડક કાર્યવાહીની રાહ જોવાઈ રહી છે.

### અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે રોડ બન્યો જળમગ્ન


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: ગડખોલ પાટિયા નજીક આવેલા આયપ્પા મંદિર સામે પ્રથમ વરસાદમાં જ પાણી ભરાવાની સમસ્યા સામે આવતા સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેનાલના નાળાની અધૂરી કામગીરી તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે મુખ્ય માર્ગ પર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.


